ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર (ઉ)ની બેઠક એટલે રાજકીય અગ્નિ પરીક્ષા

**અહિ સૌથી વધુ સાક્ષર મતદારો શાણા છે મન કળવા દેતા નથી : કર્મચારીઓને રાહતદરે પ્લોટ આપવાની વાતો કરી કોંગ્રેસે કર્મચારી મતદાતાઓને રિઝવવાનો પ્રયાસ કર્યો છે તો ભાજપે વિકાસને અગ્રતા; વિકાસમાં વિવાદ નહિની વાત કરી છે : એનસીપી, ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી સહિત ૧૧ ઉમેદવારો મેદાનમાં : આક્રમક પ્રચાર અભિયાનથી રાજકીય અસમંજસતામાં મતદારો**

ગાંધીનગર, તા. ૧૩ ગાંધીનગર (ઉ) બેઠક પરના આક્રમક પ્રચાર અભિયાને આ બેઠક પરનો જંગ કશ્મકશ અને ખરાખરીનો બનાવી દીધો છે. આ બેઠક બે જિલ્લાના રાજકારણમાં સૌથી વધુ રાજકીય ઉત્તેજના જગાવી છે.

ભાજપ-કોંગ્રેસ સહિત કુલ ૧૧ ઉમેદવારો વચ્ચે આ બેઠક પર જંગ જામ્યો છે. આ બેઠક પર ૨ લાખ ૩૭ હજાર જેટલા મતદારો છે. અહિ યુવા મતદારો અને મહિલા મતદારોનુ મતદાન સૌથી વધુ નિર્ણાયક બનશે.

બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ તરીકે અહિ ભાજપ અને કોંગ્રેસ જ છે. એનસીપી ઉપરાંત ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી, આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ મેદાનમાં છે. આ બેઠક પરનો જંગ એટલે રાજકારણની અગ્નિ પરીક્ષા જેવો છે.

વિસ્તારની અને મતદારોની દૃષ્ટિએ નાનો મત વિસ્તાર જરૂર છે પણ આ મતદાર વિભાગ એ ૧૦૦ ટકા સાક્ષર મતદાર ધરાવતો વર્ગ છે. અહિ મતદારોની જાગૃતિ પણ વ્યાપક છે. આ બેઠક પર ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારનું મિશ્રણ છે. જો કે જે ગ્રામીણ વિસ્તાર છે તેમાં પેથાપુર નગરપાલિકાનો પણ સમાવેશ થાય છે. રાંધેજા, ઉનાવા, સરઢવ, રૂપાલ, કોલવડા, વાવોલ જેવા શિક્ષણક્ષેત્રે સારી હરણફાળ ભરેલા ગામો છે.





ગાંધીનગર (ઉ) બેઠક પર જ્ઞાતિવાદી રાજકારણ બહુ ચાલતુ નથી કારણ કે અગાઉ ગાંધીનગર એક જ બેઠક હતી ત્યારે સ્વ. કાસમ બાપુ આ બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. આ ઉપરાંત નરેન્દ્રસિંહજી ઝાલા, ડૉ. સી.જે. ચાવડા, પોપટલાલ પટેલ, સ્વ. જેઠાભાઈ પટેલ, શંભુજી ઠાકોર અને વર્તમાન અશોકભાઈ પટેલ પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે.

આ બેઠક પરનો મતદાર શાણો છે અને એટલે જ તે પોતાનુ મન કોઈનેય કળવા દેતો નથી. તે બધાને સાંભળે છે અને પછી મતદાન અંગે છેલ્લી ઘડીએ નિર્ણય કરે છે.

કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડા કર્મચારીમાંથી રાજકારણમાં પ્રવેશેલા છે. આ પૂર્વે વાડીભાઈ પટેલ પણ કર્મચારીમાંથી રાજકારણમાં સક્રિય થયા હતા અને રાજ્યમંત્રી પદ સુધી પહોંચ્યા હતા. અશોકભાઈ પટેલ સહકારી ક્ષેત્રમાંથી આવી રહ્યા છે. તેઓ કોલવડા ગામના વતની છે.

આ બેઠક પર બધા જ ઉમેદવારોએ આક્રમક પ્રચાર અભિયાન કર્યુ હતું. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અહિ સભાઓ કરી ચુક્યા છે.

બન્ને ઉમેદવારોએ શહેરી મતદારો પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કાતિલ ઠંડીનું મોજુ


**ઠંડીનો પારો ૧૦ ડી ગ્રી એ પહોંચ્યો : સિઝનની મહત્તમ ઠંડીમાં નગર ઠુંઠવાયુ : શ્રમિકોની હાલત કફોડી : જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૩ શહેરમાં ચુટણી પુર્વેની સંધ્યાએ ઠંડીનુ મોજુ ફરી વળતા રાજકીય ગરમાવા વચ્ચે ઠંડીએ સપાટો બોલાવી દીધો હતો. અત્યાર સુધીની સિઝનની મહત્તમ ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઠંડીનો પારો ૧૦ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઠંડીની અસરના લીધે શહેરમાં સાજ ઢળતા જ સન્નાટો જોવા મળ્યો હતો. મતદાન પુર્વેની રાત્રિએ ચુંટણી કાર્યોલયો ઉપર પણ ખાસ કોઈ ચહલ પહલ જોવા મળી ન હતી. બે દિવસ પુર્વે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા સાથે ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો ગગડતા સિઝનની મહત્તમ ઠંડીનો ચમકારો નગરજનોએ અનુભવ્યો હતો.



શહેરમાં ઠંડીની મોસમનો વિચિત્ર મિજાજ જોવા મળી રહયો છે. ગત સપ્તાહમાં ઓખી વાવાઝોડાની અસર વચ્ચે વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પડયા હતા. જયારે ત્યારબાદ ઠંડી અદ્રશ્ય થઈ ગયા બાદ છેલ્લા બે દિવસથી ફરી મોસમમાં બદલાવ જોવા મળી રહયો છે. આજે ઠંડીનો પારો વધુ એક ડી ગ્રી ગગડતા મોસમની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. સવારથી વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાયો હતો. દિવસ દરમિયાન પણ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. એકબાજુ વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આવતીકાલે મતદાનની પ્રકીયા હાથ ધરવામાં આવનાર છે. ત્યારે મતદાનની પુર્વ સંધ્યાથી ઠંડીનુ મોજુ ફરી વળતા શહેરમાં રાજકીય ગરમાવા વચ્ચે ઠંડીની મોસમ નિખરી છે. રાત્રિના સમયે રાજકીય પક્ષોના ચુંટણી કાર્યાલયો પર ઠંડીની અસર વર્તાઈ હતી. સવારથી જ ઠંડીનુ જોર વધુ રહેતા શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ ઠંડીમાં ઠુંઠવાનો વારો આવ્યો હતો. દિવસના અંતે સાંજ ઢળતા જ ઠંડી આકરી બનતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. નગરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. ઠંડીના લીધે શ્રમિકોની હાલત પણ કફોડી બની હતી. સાંજ ઢળતા શ્રમિકોએ ઠંડીથી બચવા શ્રમિકોએ તાપણા કર્યા હતા. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૭.૩ ડી ગ્રી રહયુ હતુ. જયારે ભેજનુ પ્રમાણ સવારે ૭૪ અને સાંજે ૪૩ ટકા રહયુ હતુ.

**બેસણું**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી

**શારદાબેન મોહનલાલ આચાર્ય**

(મુ.કહોડા હાલ:ગાંધીનગર) તા.૦૬-૧૨-૨૦૧૭ને બુધવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૫-૧૨-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨ સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ હોલ, કલેક્ટર કચેરી સામે, સે.૧૨, ગાંધીનગર, મો.૯૯૭૮૪ ૪૧૫૦૧**

ગુણવંતભાઈ એમ.આચાર્ય
રાઘવ જે.આચાર્ય (ઓસ્ટ્રેલીયા)
નીકી આર.આચાર્ય (ઓસ્ટ્રેલીયા)
ડો.ફાલ્ગુન જે. આચાર્ય (Hi-Dent.)
ડો.તિથિ એફ.આચાર્ય (Hi-Dent.)
જશવંત એમ.આચાર્ય (Ex JS & JD,SPIPA)
શ્રીમતી નયના જે. આચાર્ય
ડો.ભાગ્યશ્રી જે. આચાર્ય (પૌત્રી)
તેજેન્દ્ર જી.આચાર્ય
શ્રીમતી સોનલ ટી.આચાર્ય

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**
**છનાલાલ એમ.જોષી (Ex Chairman, AUDA)**

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પાર્થ પંકજભાઈ રાજપૂત**

પ્રભુ શરણ : ૧૪/૧૨/૨૦૧૫ જન્મ તા. : ૧૭/૭/૧૯૯૧

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥


As the embodied soul continuously passes, in this body, from boyhood to youth to old age, the soul similarly passes into another body at death. A sober person is not bewildered by such a change.

પંકજભાઈ રણછોડલાલ રાજપૂત (પપ્પા) હેમલતા પંકજભાઈ રાજપૂત (મમ્મી)
મોનીષકુમાર હસમુખભાઈ ચાવડા (જીજાજી) સમીક્ષા મોનીષકુમાર ચાવડા (બહેન)
અક્ષયકુમાર હેમેન્દ્રકુમાર ખમાર (જીજાજી) ધારા અક્ષયકુમાર ખમાર (બહેન)
પ્લોટ નં. ૭/૧, સેક્ટર-૪એ, ગાંધીનગર


ગાંધીનગરનું હિત, ભાજપની જીત...

દરેક ગુજરાતીનો એક જ અવાજ
હું છું વિકાસ, હું છું ગુજરાત

ચુંટણી તારીખ - ૧૪ ડિસેમ્બર, ૨૦૧૭
હું છું વિકાસ, હું છું ગાંધીનગર



૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભાના
લોકલાડીલા સ્થાનીક ઉમેદવાર

| ક્રમ નં. | ભાજપના ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧ | અશોકભાઈ રણછોડભાઈ પટેલ | | |

જીતશે વિકાસ જીતશે ગાંધીનગર

• આપે કમળના નિશાન સામેના વાદળી બટન દબાવીને મત આપવાનો રહેશે. • ચૂંટણી કાર્ડ મતદાન સમયે અવશ્ય સાથે લઈ જવું.

મતદાન તારીખ : ૧૪-૧૨-૨૦૧૭, ગુરુવાર, સમય : સવારે ૮-૦૦ થી ૫-૦૦


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com